# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-02-2025 Day : Thusday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહેચ્છા** વાંચે છે.

---

## પીએમ ફ્રાન્સની મુલાકાત

ફ્રાન્સની સફળ મુલાકાત પૂર્ણ કર્યા પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વહેલી સવારે વોશિંગ્ટન પહોંચ્યા. શ્રી મોદી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. અમેરિકામાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રા અને અન્ય અધિકારીઓએ એરપોર્ટ પર પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કર્યું. કડકડતી ઠંડી વચ્ચે ભારતીય સમુદાય બ્લેર હાઉસની બહાર શ્રી મોદીનું સ્વાગત કરવા માટે હાજર હતો. શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ તરીકે કાર્યભાર સંભાળ્યા પછી, શ્રી મોદી અમેરિકાની મુલાકાત લેનારા પ્રથમ મુખ્ય વિશ્વ નેતાઓમાંના એક છે. અમેરિકાની મુલાકાત માટે રવાના થતા પહેલા શ્રી મોદીએ કહ્યું કે તેમની અમેરિકા મુલાકાત બંને દેશો વચ્ચે સહયોગને આગળ વધારવા અને ભાગીદારીને વધુ ગાઢ બનાવવાના તેમના પ્રથમ કાર્યકાળના એજન્ડા પર આધારિત હશે.

અગાઉ પ્રધાનમંત્રીએ પેરિસમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન ભારત - ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારી પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. બંને નેતાઓએ સંરક્ષણ, પરમાણુ ઊર્જા અને અવકાશ જેવા મુખ્ય ક્ષેત્રોમાં સહયોગની સમીક્ષા કરી.

**-----------------------------------------------------------------------------------**

## ગ્રામીણ રોજગાર સર્જન

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું  છે કે સહકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર સર્જન અને  સમૃદ્ધિ બંને શક્ય છે.

નવી દિલ્હીમાં સહકાર મંત્રાલયની સંસદીય સલાહકાર સમિતિની પ્રથમ બેઠકમાં બોલતા શ્રી શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરના ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારોના કલ્યાણ માટે સહકાર મંત્રાલયની સ્થાપના કરી હતી અને સહકાર દ્વારા સમૃદ્ધિનો મંત્ર આપ્યો હતો.

શ્રી શાહે જણાવ્યું હતું કે, સરકાર તમામ રાજ્યોમાં સમાન અને સંતુલિત વિકાસ સુનિશ્ચિત કરવા માટે ખાસ પગલાં લઈ રહી છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝ વિકસાવવાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે, આ સાથે દેશભરની સહકારી મંડળીઓની માહિતી એક ક્લિક પર ઉપલબ્ધ છે.

**-----------------------------------------------------------------------------------------**

## મહાકુંભ પ્રયાગરાજ

પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં માઘ પૂર્ણિમા નિમિત્તે ગઈકાલે બે કરોડથી વધુ ભક્તોએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી. આ દિવસે ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ પર સ્નાન કરવું શુભ માનવામાં આવે  છે. તે કલ્પવાસ કરવાની ખાસ વિધિની પૂર્ણાહુતિ દર્શાવે છે. આ ભવ્ય ઉત્સવમાં ૧૦ લાખથી વધુ કલ્પવાસીઓ  ભાગ લીધો હતો. અત્યાર સુધીમાં લગભગ 47 કરોડ 55  લાખ ભક્તોએ સ્નાન કર્યું છે.  વિશ્વનો સૌથી મોટો ધાર્મિક કાર્યક્રમ મહા કુંભ મેળો ૧૩મી જાન્યુઆરીથી શરૂ થયો હતો. દુનિયાભરમાંથી ભક્તો અહીં આવી રહ્યા છે.

ઉત્તરપ્રદેશ સરકારે આ પ્રસંગે ખાસ ટ્રાફિક વ્યવસ્થા તેમજ મજબૂત સુરક્ષા વ્યવસ્થા કરી છે.

**-----------------------------------------------------------------------------------------**

## ક્રિકેટ

ભારતે ઇંગ્લેન્ડને ત્રીજી એક દિવસીય મેચમાં 142 રને પરાજિત કરી ત્રણ મેચની શ્રેણી ત્રણ વિરૂદ્ધ શૂન્યથી જીતી લીધી છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચમાં ભારતે પ્રથમ દાવ લઈ 356 રન કર્યા હતા. જવાબમાં ઇંગ્લેન્ડની ટીમ 214 રનમાં આઉટ થઈ ગઈ હતી. ભારતીય ટીમના શુભમન ગીલે 112 રન, શ્રેયસ ઐયરે 78, વિરાટ કોહલીએ 52 અને કે.એલ. રાહુલે 40 રન કર્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## આર્ષ અધ્યયન પરીક્ષા

આર્ષ અધ્યયન કેન્દ્ર-ભુજ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી-ભુજના સંયુક્ત ઉપક્રમે આજે સવારે 9થી 12 દરમ્યાન `પરીક્ષા એક મહોત્સવ' કાર્યક્રમ યોજાશે. આગામી બોર્ડની પરીક્ષાનો ડર દૂર કરવાના આશય સાથે ભુજના સરદાર પટેલ વિદ્યાસંકુલ આર.ડી. વરસાણી કેમ્પસ સ્થિત કોમ્યુનિટી હોલ ખાતે છાત્રો માટે આ કાર્યક્રમ યોજાશે. જેના વક્તા પ્રદીપ્તાનંદ સરસ્વતી રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને માનસિક રીતે તૈયાર કરવા જુદા જુદા વિષયોના તજજ્ઞો માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમમાં ભુજ તાલુકાના શાળાના 2000 છાત્ર તેમજ વાલીઓ ઉપસ્થિત રહેશે, તેવું જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ લોગો

ગાંધીધામના શહેરના સ્થાપના દિવસે ગાંધીધામ મહાનગરપાલિકાના નવા લોગોનું મહેમાનોના હસ્તે અનાવરણ કરાય હતું. નવા લોકોમાં  શહેરનો વિકાસએ દેશની શકિતનો હોવાનો સંદેશ અપાયો  હતો. મહાનગરપાલિકા દ્વારા નવા લોગો માટે હરીફાઈનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં 363 સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને 553 લોગો આવ્યા હતા. આ હરીફાઈમાં રિધ્ધી દિપ મોરબીયા વિજેતા બન્યા હતા. વિજેતાનું  ઉપસ્થિત મહેમાનોના હસ્તે રોકડા રૂા. 21000 અને પ્રમાણપત્ર સાથે સન્માન કરાયુ હતું.

---------------------------------------------------------------------------------------------